**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ...........**
**ક્ષેત્રફળ : ........... ચો.મી.**



# –:: વેચાણ દસ્તાવેજ ::–

**અવેજ રૂા...................../–પુરાનો**

આજરોજ તારીખ ......... માહે ........... સને .......... ના અંગ્રેજી દિને...

**–:: લખાવી લેનાર ::–**

**શ્રી**
ઉં.આ.વ. : ......, ધંધો : .........., ધર્મે : હિન્દુ,
રહે. :

**– તે ખરીદનાર**

( હવે પછી અહીં જેમનો ઉલ્લેખ એલોટી અથવા તમો તરીકે કરવામાં આવ્યો છે. તે શબ્દ પ્રયોગ (Expression) માં જો તે સંદર્ભ અથવા અર્થથી વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા અધિકૃત પ્રતિનિધિઓ ઇત્યાદી તમામનો સમાવેશ થશે. )

**–:: લખી આપનાર ::–**

**" મેસર્સ હરીક્રિષ્ના ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢી,
ઠેકાણું : બ્લો નંબર : ૧૫૮, ગામ : વાંકાનેડા, તા.પલસાણા,જી.સુરત.
**PAN NO.: AALFH 1946 F**
તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા ભાગીદારો...

(૧) **પ્રફુલભાઈ બાલુભાઈ રંગાણી**
ઉં.આ.વ. : ૪૮, ધંધો : વેપાર, ધર્મે : હિન્દુ,
રહે. : ૮૮, વાલકેશ્વર રો–હાઉસ, પેડર રોડ, મોટાવરાછા, સુરતના...

(૨) **અમિતકુમાર રસીકભાઈ ભંડેરી**
ઉં.આ.વ. : ૪૦, ધંધો : વેપાર, ધર્મે : હિન્દુ,
રહે. : ૮૮, શાંતિનિકેતન સોસાયટી, આઈ.સી.ગાંધી વિદ્યાલયની પાછળ, સુમુલ ડેરી રોડ, કતારગામ, સુરતના...

**– તે વેચનાર**

( હવે પછી અહીં જેમનો ઉલ્લેખ પ્રમોટર અથવા વિકાસકર્તા અથવા બિલ્ડર્સ અથવા અમો તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. જે શબ્દ પ્રયોગ (Expression) માં જો તે સંદર્ભ અથવા અર્થથી વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા સંબધીત ભાગીદારો નો સમાવેશ થશે. )

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ...........**
**ક્ષેત્રફળ : ........... ચો.મી.**



રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા) (સુડા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન માં આયોજન કરવામા આવેલ **" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "** નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **" પ્લોટ નંબર : ....... "** થી નોંધવામાં આવેલ ખુલ્લી જમીન, અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપેલ છે. જેનુ સંપુર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં વર્ણવવામાં આવેલ છે. મજકુર તમોને વેચાણ આપેલ તથા નીચે પરિશિષ્ટમાં વર્ણવ વામાં આવેલ મિલકતને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " મજકુર મિલકત " અને/અગર " મજકુર વેચાણ આપેલ મિલકત " એ રીતે સંબોધવામાં આવેલ છે, જત તમો મજકુર મિલકત ખરીદનાર/ એલોટી જોગ અમો મજકુર મિલકત વેચાણ આપનાર/પ્રમોટર આ મજકુર મિલકત નો વેચાણ દસ્તાવેજ નીચેની વિગતે અને શરતોએ કરી આપીએ છીએ :–

**સદરહુ મિલકતના ટાઈટલ્સ તદન ચોખ્ખા અને માર્કેટેબલ છે, તેનો ઈતિહાસ એવો છે કે...,**

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા, મોજે ગામ વાંકાનેડાના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬ વાળી ખેતીની જમીન નરપત મોતીરામની માલિકીની ચાલી આવેલ હતી.

ત્યારબાદ મજકુર જમીન નરપત મોતીરામ પાસેથી પ્રભાતસિંહ માલજીએ તારીખ : ૨૮/૦૨/૧૯૫૨ ના રોજ વેચાણથી રાખેલ. ત્યારબાદ મજકુર જમીન માલીક પ્રભાતસિંહ માલજીનુ અવસાન થવાથી, તેમના વારસદાર તરીકે પૌત્ર બહાદુરસિંહ ભીમસિંહ નુ નામ મહાલકારી સાહેબના ઠરાવ નંબર : ૪૪, તારીખ : ૨૧/૧૨/૧૯૫૬ થી દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે નમુના નંબર : ૬ (હક્ક પત્રક) માં નોંધ નંબર : ૧૦ થી તારીખ : ૨૪/૧૨/૧૯૫૩ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૧૨/૦૧/૧૯૫૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર વાંકાનેડા ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા મજકુર ગામ વાંકાનેડા ના **રેવન્યુ સર્વે નંબર : ૧૧૬** વાળી જમીનને **બ્લોક નંબર : ૧૫૮** ફાળવવામા આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે નમુના નંબર : ૬ (હક્ક પત્રક) માં નોંધ નંબર : ૨૨૩ થી તારીખ : ૧૫/૦૯/૧૯૬૨ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન તેમજ અન્ય જમીનોની કૌટુંબીક વહેંચણ કરતા, મજકુર બ્લોક નંબર : ૧૫૮ વાળી જમીન ઉમેદસિંહ ભીમસિંહ ગોહિલ ના હિસ્સે આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે નમુના નંબર : ૬ (હક્ક પત્રક) માં નોંધ નંબર : ૩૭૭ થી તારીખ : ૦૨/૦૪/૧૯૭૦ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૨૦/૧૧/૧૯૭૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ મહે. બારડોલીનાં સીવીલ જજ (જુ.ડી) સાહેબની કોર્ટમાં રે.દી.મુ. નંબર : ૪૦/૧૯૯૩, તારીખ : ૨૨/૦૪/૧૯૯૭ નાં હુકમ મુજબ મુળ કબજેદાર એટલે કે ઉમેદસિંહ ભીમસિંહ ગોહિલનાં નામ તરફેણમાં કેસ આવતા નામફેર કરવાની નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ દફતરે નમુના નંબર : ૬ (હક્ક પત્રક) માં નોંધ નંબર : ૧૨૧૩ થી તારીખ : ૨૭/૦૧/૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૨૧/૦૩/૧૯૯૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ...........**
**ક્ષેત્રફળ : ........... ચો.મી.**



ત્યારબાદ મજકુર જમીન ઉમેદસિંહ ભીમસિંહ ગોહિલનાં નામે ચાલી આવેલી અને તેઓની જમીનમાં સહભાગીદારી તરીકે તેઓનાં પુત્ર રણવીરસિંહ ઉમેદસિંહ ગોહિલનું નામ દાખલ કરવા, તારીખ : ૨૦/૧૦/૨૦૦૦ નાં રોજ કરેલ કરારનાં આધારે સહભાગીદારીમાં નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે નમુના નંબર : ૬ (હક્ક પત્રક) માં નોંધ નંબર : ૧૨૯૬ થી તારીખ : ૨૪/૧૦/૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૧૭/૧૨/૨૦૦૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ (૧) ઉમેદસિંહ ભીમસિંહ ગોહિલ (૨) રણવીરસિંહ ઉમેદસિંહ ગોહિલ ના નામે ચાલી આવેલી મજકુર જમીનમાં સ્મિતાબેન રણવીરસિંહ ગોહિલ એ તારીખ : ૧૮/૦૯/૨૦૦૨ નાં રોજ કરેલ લેખનાં આધારે મજકુર જમીનમાં સ્મિતાબેન રણવીરસિંહ ગોહિલનું નામ સહભાગીદારી તરીકે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે નમુના નંબર : ૬ (હક્ક પત્રક) માં નોંધ નંબર : ૧૩૩૯ થી તારીખ : ૧૯/૦૯/૨૦૦૨ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૦૧/૦૧/૨૦૦૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન માલીકો (૧) ઉમેદસિંહ ભીમસિંહ (૨) રણવીરસિંહ ઉમેદસિંહ ગોહિલ તથા (૩) સ્મિતાબેન રણવીરસિંહ ગોહિલ ચાલી આવેલ તેઓ પાસેથી મજકુર જમીન (૧) ભરતસિંહ ઈશ્વરસિંહ ગોહિલ તથા (૨) કંચનબેન ભરતસિંહ ગોહિલએ ખરીદ કરેલ. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મહે. પલસાણા સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નંબર : ૧૫૧૨ થી તારીખ : ૧૯/૦૮/૨૦૦૪ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામના નમુના નંબર : ૬ (હકક પત્રક) માં નોંધ નંબર : ૧૪૧૪ થી તારીખ : ૨૬/૦૮/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૨૯/૦૯/૨૦૦૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ ભરતસિંહ ઈશ્વરસિંહ ગોહીલ તથા કંચનબેન ભરતસિંહ ગોહિલએ તારીખ : ૨૦/૧૨/૨૦૦૯ નાં રોજ સામાયિકપણાનો લેખના આધારે તેઓની પુત્રી બીનીતાબેન ભરતસિંહ ગોહીલ તથા પુત્રો સંદિપકુમાર ભરતસિંહ તથા વિજયસિંહ ભરતસિંહ ગોહિલનું નામ સહભાગીદાર તરીકે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામના નમુના નંબર : ૬ (હકક પત્રક) માં નોંધ નંબર : ૧૬૪૨ થી તારીખ : ૩૦/૧૨/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૩૦/૦૩/૨૦૧૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન માલીક (૧) ભરતસિંહ ઈશ્વરસિંહ ગોહિલ (૨) કંચનબેન ભરતસિંહ ગોહિલ (૩) સંદિપકુમાર ઉર્ફે સંદિપસિંહ ભરતસિંહ ગોહિલ (૪) બિનીતાબેન ભરતસિંહ ગોહિલ (૫) વિજયસિંહ ભરતસિંહ ગોહીલ પાસેથી મજકુર જમીન (૧) કોકીલાબેન કાળુભાઈ ગોયાણી (૨) સોનલ તુષારકુમાર નાવડીયાની પત્નિ તે કાળુભાઈ ગોયાણીની પુત્રી (૩) માધવીબેન વિમલકુમાર ગોયાણી (૪) રશ્મીબેન વિપુલકુમાર ગોયાણીએ ખરીદ કરેલ છે, જેનો રજી.વેચાણ દસ્તાવેજ (૧) ભરતસિંહ ઈશ્વરસિંહ ગોહિલ જાતે પોતે તથા નંબર : ૫ ના કુલમુખત્યાર તરીકે તથા (૨) કંચનબેન ભરતસિંહ ગોહિલ (૩) સંદિપકુમાર ભરતસિંહ ગોહિલ (૪) બિનીતાબેન ભરતસિંહ ગોહિલ (૫) વિજયસિંહ ભરતસિંહ ગોહીલએ (૧) કોકીલાબેન કાળુભાઈ ગોયાણી (૨) સોનલ તુષારકુમાર નાવડીયાની પત્નિ તે કાળુભાઈ ગોયાણીની પુત્રી (૩) માધવીબેન વિમલકુમાર ગોયાણી (૪) રશ્મીબેન વિપુલકુમાર ગોયાણીને કરી આપેલ છે. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મહે. પલસાણા સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નંબર : ૪૫૮૩ થી તારીખ : ૧૨/૧૧/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામના નમુના નંબર : ૬ (હકક પત્રક) માં નોંધ નંબર : ૧૮૩૯ થી તારીખ : ૦૩/૧૨/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૦૮/૦૧/૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** ફાળવવામાં આવેલ છે.

ત્યારબાદ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** છે, તે જમીનના બીનખેતી ઉપયોગની પરવાનગી, કલેકટર, સુરતનાએ, તેમના હુકમ ક્રમાંક : એ/બખપ/એસ.આર.નં.૭૨૬/૨૦૧૭/ **ID.NO. 210729**/વશી.૮૨૦૧ થી ૮૨૧૫/૧૭, તારીખ : ૧૧/૦૯/૨૦૧૭ થી આપેલ છે. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૧૯૭૭ થી તારીખ : ૨૭/૧૧/૨૦૧૭ ના રોજ નોંધાયેલ. જે નોંધ ત્યારબાદ તારીખ : ૨૪/૦૧/૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા) (સુડા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** છે, તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીન (૧) કોકીલાબેન કાળુભાઈ ગોયાણી (૨) સોનલ તુષારકુમાર નાવડીયાની પત્નિ તે કાળુભાઈ ગોયાણીની પુત્રી (૩) માધવીબેન વિમલકુમાર ગોયાણી (૪) રશ્મીબેન વિપુલકુમાર ગોયાણી પાસેથી અમો લખી આપનાર યાને **" મેસર્સ હરીક્રિષ્ના ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ છે જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ (૧) કોકીલાબેન કાળુભાઈ ગોયાણી અને (૨) સોનલ તુષારકુમાર નાવડીયાની પત્નિ તે કાળુભાઈ ગોયાણીની પુત્રી, એમ નંબર : ૧ અને ૨ ના કુલમુખત્યાર તરીકે વિમલકુમાર કાળુભાઈ ગોયાણી (૩) માધવીબેન વિમલકુમાર ગોયાણી (૪) રશ્મીબેન વિપુલકુમાર ગોયાણીના કુલમુખત્યાર તરીકે કેરુલ ગોવિંદભાઈ પટેલ એ અમો લખી આપનાર યાને **" મેસર્સ હરીક્રિષ્ના ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢીને કરી આપેલ છે. જેનો રજી.વેચાણ દસ્તાવેજ મહે. પલસાણાના સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નંબર : ૮૪૬૦ થી તારીખ : ૨૪/૦૫/૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. જે અંગેનાં ફેરફારની નોંધ ગામ દફતરે હક્ક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૦૭૦ થી તારીખ : ૦૬/૦૬/૨૦૧૯ ના રોજ નોંધાયેલ. જે નોંધ ત્યારબાદ તારીખ : ૦૬/૦૮/૨૦૧૯ ના રોજ પ્રમાણિત કરેલ.

મજકુર ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** વાળી બીનખેતીની જમીન માટે, પ્લોટ વેલીડેશન સર્ટીફીકટ, નગર નિયોજક, સુરત શહેરી

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ............**
**ક્ષેત્રફળ : ............ ચો.મી.**



વિકાસ સત્તામંડળ, સુરતના  તરફથી તેમના તારીખ : ૧૪/૧૦/૨૦૨૧ ના હુકમ નં. સુડા/યુ–૩/પ્લોટ વેલીડેશન/ફા.નં.૬૮૩/૨૧૧૬૪ થી આપેલ છે.

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** વાળી બીનખેતીની જમીન ઉપર કોટેજ ઈન્ડસ્ટ્રીઝ માટેના માત્ર ખુલ્લા પ્લોટના લે–આઉટ પ્લાન સુરત મહાનગરપાલિકાએ રજાચિઠ્ઠી નંબર : **1116LD21220070**, તારીખ : ૨૩/૧૨/૨૦૨૧ થી મંજુર કરી આપેલ છે.

ઉપરોક્ત વિગતે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા) (સુડા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** છે, તે જમીનના બીનખેતી ઉપયોગની સંપુર્ણ પુરેપુરી જમીન/મિલકતના ના અમો લખી આપનાર યાને **" મેસર્સ હરીક્રિષ્ના ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢી સંપુર્ણ માલીક, કબજેદાર, વહીવટદાર બનેલા છીએ અને અમો લખી આપનાર યાને **" મેસર્સ હરીક્રિષ્ના ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢીએ **" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "** ના નામની સોસાયટીનુ આયોજન કરેલ છે. એણી વિગતે, અમો લખી આપનારથી મજકુર મિલકતના ટાઈટલ્સ્ સંપૂર્ણ બને છે.

મજકુર રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા) (સુડા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન માં આયોજન કરવામા આવેલ **" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "** નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **" પ્લોટ નંબર : ....... "** થી નોંધવામાં આવેલ ખુલ્લી જમીન, જેની વિગતે વર્ણન આ સાથે નીચે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે. જેનો રજીસ્ટર્ડ કબજા વગરનો વેચાણ કરાર મહે. પલાસણા ના સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નંબર : ............., તારીખ : ......................... થી નોંધાયેલ છે, અમો લખી આપનારએ, તમો લખાવી લેનારને **રૂા................./– અંકે રૂપિયા .......................................** પુરાના કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ હતું, તથા તમો લખાવી લેનાર તે વેચાણ રાખવા નકકી કરેલ હતુ, તેનો આ દસ્તાવેજ આજરોજ અમો લખી આપનાર તમો લખાવી લેનારની તરફેણમાં કરી આપીએ છીએ.

મજકુર મિલકત નાં વેચાણ અવેજની રકમ નીચેની વિગતે તમો લખાવી લેનાર તરફથી અમો લખી આપનારને મળી ગયેલ છે. જેની આથી અમો પહોંચ સ્વીકારીએ છીએ.

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ............**
**ક્ષેત્રફળ : ............ ચો.મી.**



| **...।। પેમેન્ટની વિગત ।।...** | | | |
|---|---|---|---|
| **રકમ રૂા.** | **બેંકનું નામ** | **ચેક નંબર** | **તારીખ** |
| રૂા. | | | |
| રૂા. | | | |
| રૂા. | અંકે રૂપિયા ............................ પુરા | | |

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં રૂા................./- **અંકે રૂપિયા** ...................................... પુરા, અમો લખી આપનારને તમો લખાવી લેનાર પાસેથી પૂરેપૂરા ચુકતે મળી ગયેલ છે, તેની અમો લખી આપનાર આ વેચાણ દસ્તાવેજ થકી પહોંચ સ્વીકારીએ છીએ તથા રસીદ આપીએ છીએ. ભવિષ્યમાં નાણાં ઓછા મળ્યા બદલ કે ન મળ્યા બદલ કે અવેજ ઓછો મળ્યા બદલની અમો લખી આપનારે કે અમારા વંશ, વાલી, વારસોએ કોઈ તર–તકરાર કરવા/કરાવવાની નથી, તેમ છતાં કરીએ/કરાવીએ તો તે ચાલે નહી અને તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી ગણાય સહી.

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં અમો લખી આપનારે તમો લખાવી લેનાર પાસેથી ચુકતે મેળવી લઈને આ વેચાણ દસ્તાવેજ તમો લખાવી લેનારની તરફેણમાં કરી આપી આપેલ છે તથા મજકુર મિલકતના સંપુર્ણ અને સ્વતંત્ર માલીક બનાવીને, મજકુર મિલકત તમો લખાવી લેનારના સંપૂર્ણ અને સ્વતંત્ર કબજા, ભોગવટા, વહીવટપણામાં, માલિકીપણામાં સોંપી દીધેલ છે સહી. મજકુર મિલકત કે તેના કોઈ હિસ્સા ઉપર હવે પછી અમો લખી આપનાર કે અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી કોઈનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક, હિસ્સો, દરદાવો, કબજો, ભોગવટો રહયો નથી અને તેવા અમારા તમામ હકક, હિત, સંબંધોનો આથી અંત આણ્યો છે સહી. મજકુર મિલકતમાં તમો વાપરો, તેમાં વસો/વસાવો, અગર કોઈ પણ પ્રકારની વ્યવસ્થા કરો/કરાવો, અગર તમારી મરજી મુજબ ગીરવી, વેચાણ કે બક્ષિસ ઈત્યાદી હરકોઈ પ્રકારે તેની વ્યવસ્થા કરવા/કરાવવા તમો લખાવી લેનાર તથા તમારા વંશ વાલી વારસો ઈત્યાદી તમામ સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર, હકકદાર, કબજેદાર થયા છો સહી.

આ વેચાણ દસ્તાવેજ દ્વારા અમો લખી આપનારે તમો લખાવી લેનાર વેચાણ રાખનારને નીચે પરિશિષ્ટમાં જણાવેલ વર્ણન/વિગત વાળી ઔદ્યોગીક હેતુના ખુલ્લા પ્લોટ વાળી મિલકત જ ફકત વેચાણ આપેલ છે, પંરતુ, તે સિવાયની સમ્રગ જમીનની કોઈપણ જમીન/મિલકત ઉપર તમારો સ્વતંત્ર માલિકી કે કબજા વપરાશનો અધિકાર રહેશે નહી. જે તે સમયે ટી.પી. સ્કીમના અમલના કારણે તમોને વેચાણ આપેલ મિલકતના ક્ષેત્રફળમાં જે કાંઈ ફેરફાર થાય તે તમો લખાવી લેનારને બંધનકર્તા રહેશે સહી.

મજકુર તમો લખાવી લેનારને વેચાણ આપેલ મિલકત અમો લખી આપનારએ તમો લખાવી લેનાર વેચાણ રાખનાર સિવાય અન્ય કોઈને વેચાણ આપી નથી કે કોઈને ગીરવી, બક્ષિસ કે સાટાખતથી લખી આપેલ નથી, કે તે સરકારી કચેરીઓના પ્રકરણમાં સંડોવાયેલી નથી, કે કોઈને જામીન તરીકે લખી આપેલ નથી, કે તેના ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો ચાર્જ કે બોજો નથી, તેની સંપૂર્ણ ખાત્રી તમો લખાવી લેનારને કરાવી આપેલ છે. મજકુર મિલકત અંગેના ટાઈટલ્સ અંગેના તમામ દસ્તાવેજો અમો લખી આપનારએ તમો લખાવી લેનારને સુપરત કરેલા છે. જે તમામ તમો લખાવી લેનારએ જાતે તથા તેના નિષ્ણાતો દ્વારા જાણકારી મેળવીને તપાસી લીધેલ છે અને તે તમો લખાવી લેનારને યોગ્ય લાગેલ છે તથા તમો લખાવી લેનારએ તે કબુલ મંજુર રાખેલ છે, એટલે કે ટાઈટલ્સ બાબતે અમો લખી આપનારએ કોઈ ખુલાસા, પુરાવા હવે પછી તમો લખાવી લેનારને આપવાના/બતાવવાના રહેશે નહી.તથા વેચાણ આપેલ મિલકતના ટાઈટલ્સ અંગેના જુના દસ્તાવેજો, સાહિત્યની નકલો, તમો લખાવી લેનારને સુપરત કરેલ છે.

આથી તેવા દસ્તાવેજો, સાહિત્ય અંગેની હવે પછી કોઈપણ પ્રકારની માંગણી કે તર–તકરાર તમો લખાવી લેનારએ કરવા/કરાવવાની નથી અને તેનો તમો લખાવી લેનારએ સ્વીકાર કરેલો છે સહી.

મજકુર " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " ના પ્લોટ હોલ્ડર્સના વપરાશ માટે લે આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ રસ્તા મૂકવામાં આવેલ છે. તે રસ્તામાં થઈને આવવા–જવા, માલ સામાન વાહન વગેરે લાવવા–લઈ જવા ઈત્યાદી તમામ ઉપયોગ માટે દરેક પ્લોટ હોલ્ડરને સહિયારો હકક અને અધિકાર રહેશે. મજકુર " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " ના સહીયારા રસ્તાઓની સાફ–સફાઈ, રીપેરીંગનો ખર્ચ તથા વિજળી વપરાશનો તથા તેના રીપેરીંગ વગેરેના ખર્ચાઓ, રસ્તા તથા કોમન જગ્યાના મહેસુલ, વેરાઓ, ચાર્જીસ તથા અન્ય સહિયારી કામગીરી, ઉપયોગ વગેરે બાબતે થતા ખર્ચાઓ " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " ના દરેક પ્લોટ હોલ્ડર્સએ, સહિયારી રીતે ચુકવવાના/ભોગવવાના રહેશે સહી. મજકુર " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " ની વ્યવસ્થા મિલકતની જાળવણી અને વહીવટ માટે " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " ના પ્લોટ હોલ્ડર્સ બહુમતીથી વખતો વખત જે કાંઈ નિર્ણયો લે, ઠરાવ મંજુર કરે તે તમામ તમો લખાવી લેનારએ માન્ય રાખવાના રહેશે અને તે મુજબ વર્તવાનું રહેશે સહી.

મજકુર વેચાણ આપેલ મિલકત તમો લખાવી લેનારએ બુકીંગ પ્લાન મુજબ, જાતે જોઈ તપાસી, સમજી, વિચારીને, તેના ટાઈટલ્સની સંપુર્ણ તપાસ, ખાત્રી કરી/કરાવીને તથા હાલના કોમન પ્લોટના ક્ષેત્રફળને કબુલ મંજુર રાખીને, બુક કરાવેલ છે અને તે મુજબ જ મજકુર વેચાણ આપેલ મિલકતનો વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે તમો લખાવી લેનારની તરફેણમાં કરી આપેલ છે તથા તે મુજબ મજકુર વેચાણ આપેલ મિલકતનો કબજો તમો લખાવી લેનારે લખી આપનાર પાસેથી મેળવી લીધેલ છે ભવિષ્યમા " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " ના તમામ પ્લોટ હોલ્ડર્સ અમલમાં આવે તેવી સોસાયટી/એસોસીએશન/કંપનીના તમારે સભાસદ થવાનુ રહેશે અને તમામ રૂલ્સ અને રેગ્યુલેશન તથા તેમા વખતો વખત થતા સુધારા વધારા મુજબ તમારે અમલ કરવાનો રહેશે તથા પ્લોટવાળી જમીન તથા સહીયારી જમીનોની જાળવણી અને નિભાવ ખર્ચમાં ફાળો આપવાનો રહેશે તેમજ સોસાયટી તરફથી મળતી તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

મજકુર વેચાણ આપેલ મિલકતનો કાયદેસરના ઔદ્યોગીક હેતુ સિવાય નો ઉપયોગ, વપરાશ તમો લખાવી લેનારએ કરવાનો રહેશે નહી. તેમજ સદરહુ " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " ના અન્ય પ્લોટ હોલ્ડર્સ ને ન્યુશન્સરૂપ થાય તે મુજબનુ કોઈપણ કૃત્ય તમો લખાવી લેનારે કરવા કરાવવાનુ રહેશે નહી. તમો લખાવી લેનારને અમો લખી આપનારએ ખુલ્લો પ્લોટ વેચાણ આપેલ છે મજકુર વેચાણ આપેલ ખુલ્લા પ્લોટ વાળી મિલકત ઉપર બાંધકામના પ્લાન મંજુર કરાવવાની તમામ જવાબદારી તમો લખાવી લેનારની છે અને રહેશે અને તમો લખાવી લેનારએ તે મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવાનુ રહેશે તથા પ્લાન મુજબના બાંધકામની પરવાનગીની તમામ શરતોનુ પાલન કરવાનુ રહેશે તેમજ મજકુર વેચાણ આપેલ મિલકત ઉપર બાંધકામ કરવાની તમામ જવાબદારી તમો લખાવી લેનારે સ્વીકારેલ છે તેમજ સદરહુ સોસાયટીમાં મુકવામા આવેલ રસ્તા ઉપર તમો લખાવી લેનારએ કોઈપણ પ્રકારનુ દબાણ કે બાંધકામ જુલાવવાનુ રહેશે નહિ તેમજ રસ્તા ઉપર ઓટલા કે પગથીયા નુ બાંધકામ કરવાનુ નથી. તેમજ મજકુર વેચાણ આપેલ મિલકત ઉપર પ્લાન કે નિતિ નિયમો અથવા તો વ્યવસ્થા કમિટીએ કરેલા નિયમો, રેગ્યુલેશન્સ અને બાયલોઝ વિરૂધ્ધનુ બાંધકામ કરો તો તે અંગેની તમામ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે અને પોતાને ખર્ચ, દંડ સહીત બાંધકામ દુર કરવાનું રહેશે સહી. મજકુર પ્લોટવાળી જમીનની બહાર કંપાઉન્ડમાં કે પ્રોજેક્ટ લેન્ડ ઉપર કે આંતરીક રસ્તા, સી.ઓ.પી. વિગેરેના સહીયારા વપરાશની જમીનોમાં તમારે કચરો નાંખવો નહી કે ગંદકી કરવી નહી.

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ...........**
**ક્ષેત્રફળ : ........... ચો.મી.**



મજકુર પ્રોજેકટનુ નામ અમોએ **" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "** રાખેલ છે, તે નામમાં તમો કયારેય કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશો નહી કે બદલી શકશો નહી.

મજકુર વેચાણ આપેલ મિલકત બાબતે સંજોગોવશાત કોઈપણ કાયદા અન્વયે ફેરફાર કરવા આવશ્યક હોય અને સરકારી કાયદા અને ધારા ધોરણ માં તથા ગ્રામ પંચાયત તથા કોર્પોરેશન કે સુડાના નિયમોમાં જે કાઈ ફેરફારો આવે તેનાથી ઉદ્દભવતી તમામ અસરો અને ખર્ચ સોસાયટીના તમામ પ્લોટ હોલ્ડરો એ ભોગવવાના રહેશે અને તે લખાવી લેનારને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે અને જે અંગે લખી આપનારની કોઈ જવાબદારી રહેશે નહી.

મજકુર મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો અમો લખી આપનારએ અમારા પ્રત્યક્ષ કબજા ભોગવટા તથા વહીવટપણામાંથી કાઢી તમો લખાવી લેનારને સુપ્રત કરી દીધેલ છે. જે તમો લખાવી લેનારએ મજકુર મિલકતની સ્થળ, સ્થિતિ, માપ, સાઇઝ, સંપુર્ણ ટાઈટલ કલીયરન્સ જોઈ તપાસી, સંપુર્ણ જાણકારી મેળવીને ત્યાર બાદ જ એક તરફવાળાએ મજકુર મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો સંભાળી/મેળવી લીધેલ છે. જે બાબતે તમો લખાવી લેનાર કે તમારા વંશ, વાલી, વારસો, સ્નેહિઓ, મિત્રો, સગાઓ, હિતેચ્છુઓને કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ કે તર–તકરાર નથી અને ભવિષ્યમાં કરવાની નથી અને જો કરીએ તો આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી. જે તમામ બાબતો એક તરફવાળાએ કબુલ મંજુર રાખેલ છે સહી.

મજકુર મિલકત અંગેના તમામ સરકારી–અર્ધ સરકારી કચેરીઓના વેરાઓ, શિક્ષણ ઉપકરણ, મહેસુલ, એન.એ. બેટરમેન્ટ ચાર્જીસ, સુડાના ચાર્જીસ, વેરાઓ, ફાળાઓ, વગેરે ઈત્યાદી તમામ તમો લખાવી લેનારએ ભરપાઈ કરવાના રહેશે સહી.

તમો ને વેચાણ આપેલ મિલકત તલાટી દફતરે, ગ્રામ પંચાયત કચેરીના દફતરે, રેવન્યું દફતરે, તેમજ અન્ય સરકારી – અર્ધસરકારી કચેરીઓના દફતરે તમો લખાવી લેનાર તમારા ખર્ચે તમારા નામ ઉપર દાખલ કરાવી લેજો. તે અંગે જરૂરી સહી, કબુલાત, મંજૂરી વગેરે અમો લખી આપનારએ આપવી સહી, તથા આ દસ્તાવેજ થકી અમારી તેવી કબુલાત ગણાય સહી અને સ્થાનિક સત્તા મંડળો અને સરકાર તરફથી કે વીજ કંપની, ગેસ કંપની વિગેરે તરફથી પાણીની લાઈન, વીજળી પુરવઠો, ગેસ સર્વિસ વિગેરે આપવા માટે જે ડીપોઝીટ માંગવામાં આવે તો તે ડીપોઝીટની રકમ તમારે ભરવાની રહેશે સહી.

જો કોઈ સંજોગોમાં આ કરાર હેઠળની કોઈપણ જોગવાઈ કોઈપણ કાયદા કે રૂલ્સ કે રેગ્યુલેશન્સ કે વખતો વખત અમલમાં આવતા કાનુનો કે તેની જોગવાઈઓ હેઠળ નિરર્થક કે બિનઅમલી નકકી થાય તો તેવી જોગવાઈઓ જ્યાં સુધી તે જે તે સમયે પ્રવર્તમાન કાયદાઓ સાથે સુસંગત ન હોય ત્યાં સુધી રદ થયેલી ગણાશે અને જ્યાં સુધી તે કાયદાની જોગવાઈઓ અને નિયમો સાથે સુસંગત હોય ત્યાં સુધી અમલમાં રહેશે અને તે સિવાયની બાકીની જોગવાઈઓ વેલીડ અને અમલી ગણાશે.

પક્ષકારો વચ્ચે કોઈપણ મતભેદ ઉપસ્થિત થાય તો તેનો ઉકેલ મળી સમજીને કરવાનો રહેશે. જો તેમ ઉકેલ આવી શકે નહી તો તેનો વિવાદ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એકટ, ૨૦૧૬ ની જોગવાઈઓ તથા નિયમો હેઠળ ઓથોરીટીની મધ્યસ્થિથી કરવાનો રહેશે.

આ આપણા બન્ને પક્ષકારો વચ્ચે થયેલ ડોકયુમેન્ટસને લગતા કોઈપણ પ્રકારનાં કોર્ટ પ્રોસીડીંગ્સ માટેનું જ્યુરીડીકશન સુરત શહેર રહેશે. જેની જાણ તમો મજકુર મિલકતના હોલ્ડરને કરવામાં આવે છે.

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ............**
**ક્ષેત્રફળ : ............ ચો.મી.**



મજકુર ઈમારતમાં આવેલ યુનીટ/એકમ અંગેની અમોએ પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલમેન્ટ) એકટ–૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે રજીસ્ટેશન નંબર : ..................................................., તારીખ : ................ થી નોંધણી કરાવેલ છે. જેથી આપણે બન્ને પક્ષકારોએ ઉપરોકત વર્ણવેલ "રેરા" ના કાયદાની જુદી–જુદી કલમોનુ પાલન કરવાનું રહેશે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટાંપ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી, તથા અન્ય પરચૂરણ ખર્ચ તમો લખાવી લેનારએ ભોગવેલ છે, ચૂકવેલ છે તથા ભોગવવાનો/ ચૂકવવાનો છે. ભવિષ્યમાં વધારાની સ્ટાંપ ડયૂટી, નોંધણી ફી, દંડ, વ્યાજ કે અન્ય ખર્ચાઓની જે કાંઈ રકમ ચૂકવવાની થાય તો તે તમામ રકમ/નાણાં તમો લખાવી લેનારએ ભરપાઈ કરવાના રહેશે સહી.

## –:: પરિશિષ્ટ : ૧ ::–
## –:: પ્રોજેકટ વાળી જમીનનું વર્ણન ::–

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : **૧૧૬**, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા) (સુડા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન માં આયોજન કરવામા આવેલ " **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " નાં નામથી ઓળખાતી કોટેજ ઇન્ડસ્ટ્રીઝ માટે નિયત થયેલી જમીન.

## –:: પરિશિષ્ટ : ૨ ::–
## –:: વેચાણ આપેલ મિલકતનું વર્ણન ::–

ઉપરોકત પરિશિષ્ટ–૧ માં દશાવેલ જમીનમાં આયોજન કરવામાં આવેલ" **ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** " નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી " **પ્લોટ નંબર : .......** " થી નોંધવામાં આવેલ ખુલ્લી જમીન, કે જેનું ક્ષેત્રફળ ........... **ચોરસ મીટર** છે તે તથા સહીયારા વપરાશની સી.ઓ.પી.ની જમીન તથા રસ્તાની જમીનમાં વણવહેંચાયેલા ફાળે પડતા આશરે ........... **ચોરસ મીટર** હિસ્સા સહિતની જમીન મળી કુલ્લે .............. **ચોરસ મીટર** ક્ષેત્રફળ વાળી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત કુલ્લે દરોબસ્ત. જેની ચર્તુ:સીમા નીચે મુજબની છે.

પુર્વે :–
પશ્ચિમ :–
ઉત્તર :–
દક્ષિણ :–

## –:: પરિશિષ્ટ : ૩ (સહીયારી સુવિધા) ::–

ઉપર પરિશિષ્ટ–૧ માં જણાવેલ આંતરીક રોડ–રસ્તા તથા સી.ઓ.પી., ડ્રેનજ લાઈન, સ્ટ્રીટ લાઈટ વિગેરે આ પરિશિષ્ટમાં દર્શાવેલ તથા સામાન્ય વિસ્તારમાં બધા જ પ્લોટ ધારકો વચ્ચે સહીયારી તથા મજમુ હોવાથી કાયમ માટે અવિભાજય રહેશે. તેમજ ઉપરોકત

દર્શાવેલ મજમુ સુવિધાનો કોઈપણ પ્લોટ હોલ્ડરો કોઈપણ પ્રકારે નુકશાન નહી પહોંચાડી શકે કે માલીકી હક્કનો દાવો નહી કરી શકે.

" એનેક્ષર – ૧ "

રેરા હેઠળ નોંધણી પ્રમાણપત્રની નકલ એલોટીને સુપ્રત કરવામા આવેલ છે.

ઉપરની વિગતે આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારએ અમારી રાજીખુશીથી તથા અકકલ હોશિયારીથી, તન–મનની સ્વસ્થ, સાવધ અને બીનકેફી અવસ્થામાં, કોઈના કોઈપણ પ્રકારના દાબ–દબાણ, ધાક–ધમકી કે શેહશરમમાં આવ્યા વિના વાંચી, વંચાવી, સાંભળી, વિચારી, સમજી લઈને લખી આપેલ છે, કરી આપેલ છે. જે અમો લખી આપનાર ભાગીદારી પેઢી, ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, છેલ્લા હયાત ભાગીદારો, એક્ઝિકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદી તમામને કબુલ, મંજુર તથા બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે......................................મતુ તત્રે...................................શાખ

**" મેસર્સ હરીક્રિષ્ના ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢી,
તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા ભાગીદારો

| | |
|---|---|
| :–................................................ | :–................................................ |
| **(૧) પ્રફુલભાઈ બાલુભાઈ રંગાણી** | **સાક્ષી** |
| :–................................................ | :–................................................ |
| **(૨) અમિતકુમાર રસીકભાઈ ભંડેરી** | **સાક્ષી** |

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ............**
**ક્ષેત્રફળ : ............ ચો.મી.**



મિલકતનુ સરનામુ :– પ્લોટ નંબર : ............, **" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "** બ્લોક નંબર : ૧૫૮, ટી.પી. સ્કીમ નંબર : ૬૦, ફાઈનલ પ્લોટ નંબર : ૧૬, નિયોલ–ચલથાણ રોડ, વાંકાનેડા, સુરત.

વેચનારની સહી :–(૧) ____________________________________________________

વેચનારની સહી :–(૨) ____________________________________________________

ખરીદનારની સહીઃ– ______________________________________________________

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ............**
**ક્ષેત્રફળ : ............ ચો.મી.**



| **સહી** | **ફોટો** | **ડાબા હાથ ના અંગુઠાનુ નિશાન** |
| --- | --- | --- |
| **–:: વેચનાર ::–**<br><br>**" મેસર્સ હરીક્રિષ્ના ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢી, તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા ભાગીદારો<br><br>**સહી : ______________________________**<br>**(૧) પ્રફુલભાઈ બાલુભાઈ રંગાણી** | **ફોટો** | |
| **સહી : ______________________________**<br>**(૨) અમિતકુમાર રસીકભાઈ ભંડેરી** | **ફોટો** | |
| **–:: ખરીદનાર ::–**<br><br>**શ્રી**<br><br>**સહી : ______________________________** | **ફોટો** | |

**વેચાણ દસ્તાવેજ**
**ગામ : વાંકાનેડા**
**બ્લોક નંબર : ૧૫૮**
**ટી.પી. સ્કીમ નંબર : ૬૦**
**ફાઈનલ પ્લોટ નંબર : ૧૬**
**" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "**
**પ્લોટ નંબર : ............**
**ક્ષેત્રફળ : ............ ચો.મી.**

...(( 15 ))...

**દસ્તાવેજ નંબર : ...................... તા. ........................**

**।। પરીશીષ્ટ ।।**

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

| અનુક્રમ નંબર | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| | **લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પલસાણા ના મોજે ગામ **વાંકાનેડા** ના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬, **બ્લોક નંબર : ૧૫૮** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનુ રેવન્યું દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ, હે. ૨, આરે.૭૭, ૨૧ ચોરસ મીટર છે, જેનો **ટી.પી. સ્કીમ નંબર : ૬૦ (અંત્રોલી–વાંકાનેડા–ચલથાણ–કરાલા) (સુડા)** માં સમાવેશ થતા, તેને **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬** ફાળવવામાં આવેલ છે અને જેનુ હાલના ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ **૧૬૬૩૩ ચોરસ મીટર** ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન માં આયોજન કરવામા આવેલ **" ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "** નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **" પ્લોટ નંબર : ....... "** થી નોંધવામાં આવેલ ખુલ્લી જમીનનો **વેચાણ દસ્તાવેજ** કરી આપેલ છે.? | |
| ૨ | લેખમાં દર્શાવ્યા મુજબ **" પ્લોટ નંબર : ....... "** થી નોંધવામાં આવેલ ખુલ્લી જમીન, કે જેનું ક્ષેત્રફળ ........... **ચોરસ મીટર** છે તે તથા સહીયારા વપરાશની સી.ઓ.પી.ની જમીન તથા રસ્તાની જમીનમાં વણવહેંચાયેલા ફાળે પડતા આશરે ........... **ચોરસ મીટર** હિસ્સા સહિતની જમીન મળી કુલ્લે ............... **ચોરસ મીટર** ક્ષેત્રફળ વાળી જમીન નો લેખ કરી આપેલ છે.? | |
| ૩ | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ પેઢીને મળેલ છે.? | |
| ૪ | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે. તે તમે કબૂલ રાખો છો.? | |
| ૫ | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો. ? | |
| | **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો. ? | |
| ૨ | દસ્તાવેજ માં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે. ? | |
| ૩ | કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | |

**વેચાણ આપનારની સહી.** **ઓળખાણ આપનારની સહી.**

**સબ–રજીસ્ટ્રાર**
**સહી.**